**ઓફીસ આસીસ્ટન્ટની ૧૩(તેર) જગ્યાઓ માટે ઉભા કરેલ મહેકમની નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે રૂ.૩૧.૫૦ લાખની મૂડી ખર્ચ હેઠળની વહીવટી મંજુરી મેળવવા બાબત.**

ગુજરાત સરકાર,
ઠરાવ ક્રમાંકઃ મકમ-૧૦૨૦૧૪-૯૧૧૦૧૯-ફ,
**અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નો વિભાગ,**
સચિવાલય, ગાંધીનગર.
તા.૮-૪-૨૦૧૯.

વંચાણે લીધાઃ- (૧) વિભાગનો તા.૧-૮-૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃમકમ-૧૦૨૦૧૮-૧૯૩૬૯૮-ફ
(૨) વિભાગનો તા.૭-૪-૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ મકમ-૧૦૨૦૧૪-૯૧૧૦૧૯-ફ.
(૩) વિભાગનો તા.૪-૪-૨૦૧૬નો ઠરાવ ક્રમાંકઃ મકમ-૧૦૨૦૧૪-૧૯૩૬૯૮-ફ.
(૪) વિભાગનો તા.૧૯-૪-૨૦૧૮નો ઠરાવ ક્રમાંકઃ મકમ-૧૦૨૦૧૮-૧૬૫૬૧૪-ફ.

**ઠ રા વઃ-**

અન્ન નાગરિક પુરવઠો અને ગ્રા.બા.નો વિભાગમાં સંદર્ભ(૧)(૨)(૩) માં દર્શાવેલ ઠરાવથી નીચે જણાવેલ જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે.

| ક્રમ | હોદ્દો | સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓફીસ આસીસ્ટન્ટ | ૧૩ |

નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માં આ વિભાગ ખાતે મંજુર થયેલ ૧૩(તેર) ઓફિસ આસિસટન્ટના પગાર ભથ્થાના ખર્ચ માટે નીચે દર્શાવેલ સદરમાં રૂ.૩૧.૫૦ લાખની ચાલુ બાબત તરીકે જોગવાઇ કરવામાં આવેલ છે.

| ક્રમ | અંદાજ સદર | સને ૨૦૧૯-૨૦ ની જોગવાઇ (રૂ.લાખમાં) |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧ | માંગણી ક્રમાંકઃ૨૧-૩૪૫૧-૦૯૦-૦૧-અન્ન નાગરિક પુરવઠો અને ગ્રા.બા.નો વિભાગ | ૩૧.૫૦ |

આ વહીવટી મંજુરી નીચે મુજબની શરતો આધિન રહીને આપવામાં આવે છે.

શ ર તોઃ-

(૧) આ યોજનાનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૧૯ થી કરવાનો રહેશે.

(૨) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ, જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે, પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનો ખર્ચ, રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિ થી કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અંગે કરવાના થતાં ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૪/૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૯) જે તે જગ્યાઓનાં પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી વિભાગની રહેશે.

(૧૦) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦(પા.ફા.) ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૧) આ જગ્યાઓ ઉપરની ભરતી, સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૨) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૩) ઉમેદવારે ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પસાર કરવાની રહેશે.

(૧૪) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૫) રાજ્ય સરકાર દ્વારા વખતો વખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૬) આ નવી મંજુર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પુરી થતા પહેલાના એક માસ અગાઉ નાણાંકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

આ વહીવટી મંજુરી અન્વયે ઠરાવના પત્રક માં દર્શાવેલ બજેટ સદર હેઠળ અને વર્ષ ૨૦૧૯-૨૦૨૦ ની મંજુર કરેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા સલાહકારશ્રીની તા.૨૯-૩-૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**( કિશોરકુમાર એસ.રાણા )**
ઉપસચિવ
અ.ના.પુ. અને ગ્રા.બા.નો વિભાગ,
ગુજરાત સરકાર.

નકલ રવાનાઃ-

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
રોકડ શાખા(૨-નકલ), અ.ના.પુ. અને ગ્રા.બા.નો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી રાજકોટ / અમદાવાદ.
નાણા સલાહકારશ્રી(અ.ના.પુ.),બ્લોક નં.૫, ત્રીજો માળ,સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, બ્લોક નં.૪, પાંચમો માળ, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા.નો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, અ.ના.પુ. અને ગ્રા.બા.નો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સીસ્ટમ મેનેજરશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા.નો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સિલેકટ ફાઇલ.